**B.V. Patel Institute of Business Management, Computer & Information Technology,**

**Uka Tarsadia University**

**Date: 5/1/2013**

# <u>Students participated in Traffic Awareness Programe held during the celebration of traffic week</u>

ભારત સરકાર દ્વારા દર વર્ષે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહને “માર્ગ સુરક્ષા સપ્તાહ” તરીકે ઉજવવામા આવે છે. આ સંદર્ભે તા. ૦૫ ૦૧ ૨૦૧૩ ના રોજ ‘સુરત ગ્રામ્ય પોલીસ વિભાગ’ દ્વારા ઉકા તરસાડીયા યુનિવર્સીટી, કે જે વિદ્યાર્થીઓની સેફ્ટી અને સુરક્ષા માટે હંમેશા તત્પર રહી ખાસ પ્રાથમિકતા આપે છે, ત્યાં વિદ્યાર્થીઓને રોડ સેફ્ટી માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સુરત ગ્રામ્ય પોલીસ વિભાગના વરિષ્ઠ અધિકારી શ્રી પ્રદીપ બી. સેજુલે (ડી.એસ. પી. સુરત ગ્રામ્ય), શ્રી સી. બરંડા (ડી.વાય.એસ.પી. બારડોલી), શ્રી તરાડે સાહેબ (પી.આઈ – બારડોલી), શ્રી ગામિત સાહેબ (પી.એસ.આઈ. બારડોલી મહુવા) સાથે હાજર રહી યુનિવર્સીટીના ૪૫૦ વિદ્યાર્થીઓ અને સ્ટાફ ગણને માર્ગ સુરક્ષા પર સંબોધિત કર્યા હતા. ડી.એસ. પી. શ્રી પ્રદીપ સેજુલ સાહેબે ટ્રાફિક નિયમ પાલનની આવશ્યકતા માટે રોડ સેફ્ટી ના મુખ્ય ત્રણ આધાર સ્તંભ – **એન્જીનીઅરીંગ, શિક્ષણ અને કાયદા પાલન** વિશે સહજ રીતે સમજ આપતા જણાવ્યું કે જો સમાજમાં પૂરતા પ્રમાણમાં માર્ગ સુરક્ષા અંગે જાગૃતતા હોય અને જો સ્વૈચ્છિક નિયમ પાલન હોય તો કદાચ કાયદા પાલનની જરૂર જ નથી. આ બાબતે વધુ પ્રકાશ ફેંકતા તેમણે આજની યુવાપેઢી એવા વિદ્યાર્થીઓને અપીલ કરી કે બાઈક ચલાવતી વખતે બકલ લગાવી હેલ્મેટ અવશ્ય પહેરે, કાર ચલાવતી વખતે સીટ બેલ્ટ પહેરે, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરે અને સ્પીડ મર્યાદાનું પાલન કરે. જો વાહન ચાલકો આ ચાર પ્રાથમિક નિયમોનું પાલન કરે તો સુરક્ષિત સમાજનું સ્વયંમેવ નિર્માણ થાય. શ્રી સેજુલ સાહેબે તેમના અંગત જીવનના અનુભવો દ્વારા રોડ સેફ્ટીનુ મહત્વ સમજાવતા કહ્યું હતું કે યુવાનોને માર્ગદર્શનથી અકસ્માતનું પ્રમાણ ઘટશે અને બારડોલીની ઉકા તરસાડીયા યુનિવર્સીટીના વિદ્યાર્થીઓથી સમાજ સુધારણાની શરૂઆત થશે.

ઉકા તરસાડીયા યુનિવર્સીટીના મેનેજમેન્ટ વિભાગના ડાયરેક્ટરશ્રી ડૉ. પૂનમ મિત્તલ, જેમણે રોડ સેફ્ટી પર પી.એચ.ડી. કરેલ છે, તેમણે પણ તેમના સંશોધનના તારણો જણાવી વિદ્યાર્થીઓને કાયદાનું પાલન કરવા પ્રોત્સાહિત કર્યા હતા અને યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર ડૉ. ડી. આર.શાહ સાહેબનો આભાર માન્યો હતો કે જેમણે ઉકા તરસાડીયા યુનિવર્સીટી વિદ્યાર્થીઓને શિસ્ત સાથેનું શિક્ષણ મળે તે હેતુથી આ માહિતીપ્રદ

કાર્યક્રમ માટે પોલીસ વિભાગને આમંત્રિત કર્યા. અંતે, ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ સંકલ્પ લીધો હતો કે આજે અને હર હંમેશ રોડ સેફટીના નિયમોનું પાલન કરીશું.